Chap 7



## ઐતિહાસિક-તુલનાદર્શી અભ્યાસ : નિષ્કર્ષો

શામળકૃત 'નંદબત્રીસી'ને એના શક્ય બન્યા એટલા ઐતિહાસિક સંદર્ભો દ્વારા તથા અન્ય 'નંદબત્રીસી'ઓ સાથેની તુલનાદ્વારા તપાસવાના આ ઉપક્રમને અંતે, સમાપન રૂપે, થોડીક વિગતો, થોડાંક નિરીક્ષણો / નિષ્કર્ષો આપવાનાં થાય છે.

કથા-પરંપરાની, સ્વરૂપ-પરંપરાની ને મધ્યકાલીન સર્જક-પરંપરાની ચર્ચા શામળની 'નંદબત્રીસી'ને તપાસવાની એક મહત્ત્વની ભૂમિકા તરીકે ઘણી ઉપયોગી નીવડી છે સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશમાં નંદ-કથાઓની જે પરંપરા રહી છે એની સંકલના, ઘટના-અંશો ને કથા-ઘટકોનાં ઉમેરણ-બાદબાકી વગેરેને કારણે નંદ-કથા વિવિધ રીતે રચાતી રહી છે. નંદ-કથાના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે કથા-ખંડો ક્યાંક ક્યાંક સ્વતંત્ર કૃતિઓ રૂપે મળે છે એ વિગત બે બાબતોને તારવી આપે છે : (૧) પહેલો અને બીજો ખંડ પ્રધાન વૈરોચનના પાત્રદ્વારા સંકળાયેલા દેખાય છે ખરા, પણ એમાં સાંધો પણ વરતાઈ આવે છે. એટલે કે પહેલો ખંડ મુખ્ય ને બીજો ગૌણ એવો એક ઘાટ પણ ઊપસે છે, અને (૨) બીજો ખંડ તે આ કથાનું વિસ્તરણ પણ છે – પાછળથી ઉમેરાયું હશે એવું વિસ્તરણ છે.

કાવ્યસ્વરૂપોમાં કેવળ ઊર્મિગાયક (purily lyrical) અને કેવળ કથનાત્મક (purely narrative) એવા બે છેડાનાં સ્વરૂપો પણ મળતાં હોવા છતાં લિરિકલમાં કથાઅંશ પ્રવેશ્યો હોવાનાં ને કથનાત્મકમાં વચ્ચે-વચ્ચે લિરિકલ ભાવ-સંવેદન આવતાં હોવાનાં ઉદાહરણો પણ મળે છે. એટલું જ નહીં, કથનકેન્દ્રી ભાવોર્મિકાવ્યો – ફાગુ, બારમાસા આદિ–ની એક કોટિ પણ રચાયેલી છે. 'આખ્યાન'માં કથાપ્રવાહને ધીમો કરતાં કે અટકાવતાં, પાત્રસંવેદનની ઉત્કટતા આલેખતાં, લિરિકલ સ્થાનો – પદો– મળે છે પણ 'પદ્યવાર્તા'માં એવી સ્થિતિઓ ભાગ્યે જ આવે પણ કથાપ્રવાહને ધીમો કરનાર, ઘડીક અટકાવનાર સ્થિતિઓ એમાં – નારીનાં 'પદ્મિની વગેરે વિવિધ રૂપો આલેખતાં શૃંગારકેન્દ્રી વર્ણનોમાં; એકપક્ષી [ને ઉભયપક્ષી સંવાદરૂપે] આલેખાતી સમસ્યાબાજીમાં; નીતિ–બોધમાં, વગેરેમાં – આવતી હોય છે એ 'પદ્યવાર્તા'ની એક સ્વરૂપ

તરીકેની લાક્ષણિકતા છે. અને એનો લાભ વિવિધ સર્જકોએ લીધો છે. દેખીતું છે કે, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં શામળે આવી સ્વરૂપ-શક્યતાઓનો ભરપૂર લાભ લીધો છે ને ઉત્તમ કથન–કુશળ વાર્તાકાર તરીકે એ ઊપસ્યો છે.

અન્ય 'નંદબત્રીસી'ઓ સાથેની તુલનામાં શામળનો આ વિશેષ વધુ દઢપણે ને પ્રતીતકારક રીતે ઊપસ્યો છે. લગભગ તમામ પાસાંમાં શામળ વધુ કૌશલ ને વધુ સર્જકતા દાખવતો રહ્યો છે.

શામળે પદ્યવાર્તાઓ ઉપરાંત અન્ય સ્વરૂપોની કૃતિઓ પણ રચી છે પણ એમાં પદ્યવાર્તા જ એની કલમને વધુ ફાવતો પ્રકાર રહ્યો છે. સળંગ કથારૂપે ને કથામાળારૂપે એની કૃતિઓ રચાતી રહી છે. એ સર્વમાં 'નંદબત્રીસી' એની ભલે સર્વોત્તમ નહીં પણ ઘણી લાક્ષણિક કૃતિ છે. કથન-રસિક્તાનાં, લોકપ્રિયતાનાં ઘણાં તત્ત્વો એમાં સરસ માવજત પામ્યાં છે.

શામળ પછી પણ પદ્યવાર્તા, મધ્યકાલીન ગુજરાતીનાં કેટલાંક વર્ષો સુધી – ૧૯મી સદીના પૂર્વાર્ધ લગી – રચાતી રહી છે. એમાં જૈન કવિઓનો ફાળો જ વિશેષ છે. પરંતુ, શામળે આ સ્વરૂપમાં જે સિદ્ધિ દાખવી તે એના સમય સુધી જ ઉત્કૃષ્ટ છે એવું નથી – શામળ પછી પદ્યવાર્તાએ કોઈ ઊંચાં કે નવાં શિખરો બતાવ્યાં નથી. એ રીતે શામળ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો સર્વોત્તમ પદ્યવાર્તાકાર ઠરે છે. મધ્યકાલીન ગુજરાતીમાં મળતી આઠ સર્જકોની 'નંદબત્રીસી'ઓની, તુલના લેખે વિગતવાર ચર્ચા કરી છે. આમાંની કેટલીક કૃતિઓ અલગ રીતે સંપાદિત થયેલી છે પરંતુ આ બધીનું એકસાથે સંપાદન ડૉ. હરિવલ્લભ ભાયાણી અને ડૉ. કનુભાઈ શેઠે કરેલું છે એ આ અભ્યાસની – એના છેલ્લા, છઠ્ઠા પ્રકરણની – એક મહત્ત્વની આધારસામગ્રી બની છે. શામળની 'નંદબત્રીસી'ના કથા-સંકલન વિષયક ને સ્વરૂપલક્ષી અભ્યાસ માટે એ ખૂબ કિંમતી સામગ્રી બની છે. આઠે કૃતિઓના વિભિન્ન ઘટકોને લઈને કરેલી આ ચર્ચામાંથી ઘણા મહત્ત્વના નિષ્કર્ષો નીકળ્યા છે. એમાંથી કથાપરંપરાનો, કથા–ઘટક-વિનિયોગનો, કથાપ્રયુક્તિઓ અને રચનાપ્રયુક્તિઓનો એક વિકાસલક્ષી આલેખ મળતો રહ્યો એ પણ આ અભ્યાસનો અગત્યનો આનુષંગિક લાભ છે. દરેક કૃતિ સ્વતંત્રપણે, વિસ્તૃત અભ્યાસનો વિષય બને એમ છે પણ અહીં એવી ઇચ્છાને – વિસ્તાર ભયે અને પ્રસ્તુતતાના સંદર્ભે – રોકી છે, અને કૃતિઓના વિવિધ અંશોને, તે તે ઘટકોના તુલનાત્મક અભ્યાસદ્વારા ચર્ચ્યા છે.

આ તુલનાત્મક ચર્ચા શામળની 'નંદબત્રીસી'ના અલગ–સ્વતંત્ર અભ્યાસ પછી જ કરી છે, એની પાછળ એક મહત્ત્વનું પ્રયોજન રહ્યું છે. એમ કરવાથી, શામળની 'નંદબત્રીસી'નો – કેવળ કૃતિનો – સ્વરૂપલક્ષી અભ્યાસ શક્ય બન્યો છે ને એમાંથી શામળના જે વિશેષો ઊપસ્યા તે, છઠ્ઠા પ્રકરણમાંની તુલનાત્મક ચર્ચામાં દઢ બનતા ગયા છે.

આ માટે પાંચમા ને છઠ્ઠા પ્રકરણની તપાસપદ્ધતિની ભાત (પૅટર્ન) એકસરખી રાખી છે. જે જે કૃતિ-

ઘટકો, જે ક્રમે, શામળની કૃતિની ચર્ચામાં તપાસ્યા છે તે તે ઘટકો, એ જ ક્રમે, અન્ય આઠ કૃતિઓની ચર્ચામાં તપાસ્યા છે ને લગભગ પ્રત્યેક ઘટકમાં 'શામળનો વિશેષ' તારવવાનું કર્યું છે. એ રીતે નિષ્કર્ષોને ચર્ચાની નિકટ રાખ્યા છે.

શામળની 'નંદબત્રીસી'નું એની વિવિધ હસ્તપ્રતો તપાસીને પાઠ–સંશોધન કે પાઠ–સંપાદન કરવું એ, અહીં મેં સ્વીકારેલા અભ્યાસ–ફલકમાં પ્રસ્તુત ન હતું. એ પ્રકારનાં કામ તો અગાઉ થઈ પણ ચૂક્યાં છે. એટલે શામળની 'નંદબત્રીસી'નાં વિવિધ સંપાદનોમાં જે પાઠ મને વિશેષ અધિકૃત લાગ્યો એ – ઈન્દિરા મર્ચંટનો સંપાદિત પાઠ મેં અહીં સ્વીકાર્યો છે ને આ એમની સામગ્રી હોવાથી એને પરિશિષ્ટમાં મૂક્યો છે.

મારા અભ્યાસ માટે, ઈન્દિરા મર્ચંટ-સંપાદિત આ 'નંદબત્રીસી'(શામળ) પણ એક મહત્ત્વની આધારસામગ્રી બની છે.

મધ્યકાલની કૃતિઓનો અભ્યાસ અર્વાચીન વિવેચન-વિભાવનાઓના સંસ્કારોથી કરતી વખતે કાળજી રાખવાની રહે છે. અર્વાચીન સમયના ભાવક તરીકેની સંવેદના તો એમાં પણ કામ કરતી હોય છે પરંતુ સમય દૂરનો હોય ને પરંપરા જુદી હોય ત્યારે એણે આંકેલી કેટલીક દૃઢ રેખાઓને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ ને એ રેખાઓને ઉલ્લંઘી દેતું આરોપિત અર્થઘટન ન થઈ જાય કે એ વાચનમાં કશુંક અપ્રસ્તુત ઉમેરાઈ ન જાય – ઓવર રીડિંગ ન થઈ જાય – એ જોયું છે. ને છતાં મધ્યકાલીન સાહિત્યનું કેવળ રૂઢ, નર્યું માહિતી – વિગતને ઘૂંટનારું, ગતાનુગતિક અધ્યયન ન બની રહે એ પણ જોયું છે.

આવો, અભ્યાસ કરવાનું ગમ્યું છે. નાનકડો પણ આ એક પડકાર હતો. એ ઉપાડવા ને પાર પાડવા જે શ્રમ કર્યો છે એ અભ્યાસીઓને સાર્થક લાગશે તો સંતોષ થશે.પ્રકરણ : ૭. સમાપન

શામળકૃત 'નંદબત્રીસી'ને એના શક્ય બન્યા એટલા ઐતિહાસિક સંદર્ભો દ્વારા તથા અન્ય 'નંદબત્રીસી'ઓ સાથેની તુલનાદ્વારા તપાસવાના આ ઉપક્રમને અંતે, સમાપન રૂપે, થોડીક વિગતો, થોડાંક નિરીક્ષણો / નિષ્કર્ષો આપવાનાં થાય છે.

કથા-પરંપરાની, સ્વરૂપ-પરંપરાની ને મધ્યકાલીન સર્જક-પરંપરાની ચર્ચા શામળની 'નંદબત્રીસી'ને તપાસવાની એક મહત્ત્વની ભૂમિકા તરીકે ઘણી ઉપયોગી નીવડી છે સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશમાં નંદ-કથાઓની જે પરંપરા રહી છે એની સંકલના, ઘટના-અંશો ને કથા-ઘટકોનાં ઉમેરણ-બાદબાકી વગેરેને કારણે નંદ-કથા વિવિધ રીતે રચાતી રહી છે. નંદ-કથાના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે કથા-ખંડો ક્યાંક ક્યાંક સ્વતંત્ર કૃતિઓ રૂપે મળે છે એ વિગત બે બાબતોને તારવી આપે છે : (૧) પહેલો અને બીજો ખંડ પ્રધાન વૈરોચનના પાત્રદ્વારા સંકળાયેલા દેખાય છે ખરા, પણ એમાં સાંધો પણ વરતાઈ આવે છે. એટલે કે પહેલો ખંડ મુખ્ય ને બીજો ગૌણ એવો એક ઘાટ પણ ઊપસે છે, અને (૨) બીજો ખંડ તે આ

કથાનું વિસ્તરણ પણ છે – પાછળથી ઉમેરાયું હશે એવું વિસ્તરણ છે.

કાવ્યસ્વરૂપોમાં કેવળ ઊર્મિગાયક (purily lyrical) અને કેવળ કથનાત્મક (purely narrative) એવા બે છેડાનાં સ્વરૂપો પણ મળતાં હોવા છતાં લિરિકલમાં કથાઅંશ પ્રવેશ્યો હોવાનાં ને કથનાત્મકમાં વચ્ચે-વચ્ચે લિરિકલ ભાવ-સંવેદન આવતાં હોવાનાં ઉદાહરણો પણ મળે છે. એટલું જ નહીં, કથનકેન્દ્રી ભાવોર્મિકાવ્યો – ફાગુ, બારમાસા આદિ–ની એક કોટિ પણ રચાયેલી છે. 'આખ્યાન'માં કથાપ્રવાહને ધીમો કરતાં કે અટકાવતાં, પાત્રસંવેદનની ઉત્કટતા આલેખતાં, લિરિકલ સ્થાનો – પદો– મળે છે પણ 'પદ્યવાર્તા'માં એવી સ્થિતિઓ ભાગ્યે જ આવે પણ કથાપ્રવાહને ધીમો કરનાર, ઘડીક અટકાવનાર સ્થિતિઓ એમાં – નારીનાં 'પદ્મિની વગેરે વિવિધ રૂપો આલેખતાં શૃંગારકેન્દ્રી વર્ણનોમાં; એકપક્ષી [ને ઉભયપક્ષી સંવાદરૂપે] આલેખાતી સમસ્યાબાજીમાં; નીતિ–બોધમાં, વગેરેમાં – આવતી હોય છે એ 'પદ્યવાર્તા'ની એક સ્વરૂપ તરીકેની લાક્ષણિકતા છે. અને એનો લાભ વિવિધ સર્જકોએ લીધો છે. દેખીતું છે કે, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં શામળે આવી સ્વરૂપ-શક્યતાઓનો ભરપૂર લાભ લીધો છે ને ઉત્તમ કથન–કુશળ વાર્તાકાર તરીકે એ ઊપસ્યો છે.

અન્ય 'નંદબત્રીસી'ઓ સાથેની તુલનામાં શામળનો આ વિશેષ વધુ દૃઢપણે ને પ્રતીતકારક રીતે ઊપસ્યો છે. લગભગ તમામ પાસાંમાં શામળ વધુ કૌશલ ને વધુ સર્જકતા દાખવતો રહ્યો છે.

શામળે પદ્યવાર્તાઓ ઉપરાંત અન્ય સ્વરૂપોની કૃતિઓ પણ રચી છે પણ એમાં પદ્યવાર્તા જ એની કલમને વધુ ફાવતો પ્રકાર રહ્યો છે. સળંગ કથારૂપે ને કથામાળારૂપે એની કૃતિઓ રચાતી રહી છે. એ સર્વમાં 'નંદબત્રીસી' એની ભલે સર્વોત્તમ નહીં પણ ઘણી લાક્ષણિક કૃતિ છે. કથન-રસિક્તાનાં, લોકપ્રિયતાનાં ઘણાં તત્ત્વો એમાં સરસ માવજત પામ્યાં છે.

શામળ પછી પણ પદ્યવાર્તા, મધ્યકાલીન ગુજરાતીનાં કેટલાંક વર્ષો સુધી – ૧૯મી સદીના પૂર્વાર્ધ લગી – રચાતી રહી છે. એમાં જૈન કવિઓનો ફાળો જ વિશેષ છે. પરંતુ, શામળે આ સ્વરૂપમાં જે સિદ્ધિ દાખવી તે એના સમય સુધી જ ઉત્કૃષ્ટ છે એવું નથી – શામળ પછી પદ્યવાર્તાએ કોઈ ઊંચાં કે નવાં શિખરો બતાવ્યાં નથી. એ રીતે શામળ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો સર્વોત્તમ પદ્યવાર્તાકાર ઠરે છે. મધ્યકાલીન ગુજરાતીમાં મળતી આઠ સર્જકોની 'નંદબત્રીસી'ઓની, તુલના લેખે વિગતવાર ચર્ચા કરી છે. આમાંની કેટલીક કૃતિઓ અલગ રીતે સંપાદિત થયેલી છે પરંતુ આ બધીનું એકસાથે સંપાદન ડૉ. હરિવલ્લભ ભાયાણી અને ડૉ. કનુભાઈ શેઠે કરેલું છે એ આ અભ્યાસની – એના છેલ્લા, છઠ્ઠા પ્રકરણની – એક મહત્ત્વની આધારસામગ્રી બની છે. શામળની 'નંદબત્રીસી'ના કથા-સંકલન વિષયક ને સ્વરૂપલક્ષી અભ્યાસ માટે એ ખૂબ કિંમતી સામગ્રી બની છે. આઠે કૃતિઓના વિભિન્ન ઘટકોને લઈને કરેલી આ ચર્ચામાંથી ઘણા મહત્ત્વના નિષ્કર્ષો નીકળ્યા છે. એમાંથી કથાપરંપરાનો, કથા–ઘટક-વિનિયોગનો,

કથાપ્રયુક્તિઓ અને રચનાપ્રયુક્તિઓનો એક વિકાસલક્ષી આલેખ મળતો રહ્યો એ પણ આ અભ્યાસનો અગત્યનો આનુષંગિક લાભ છે. દરેક કૃતિ સ્વતંત્રપણે, વિસ્તૃત અભ્યાસનો વિષય બને એમ છે પણ અહીં એવી ઇચ્છાને – વિસ્તાર ભયે અને પ્રસ્તુતતાના સંદર્ભે – રોકી છે, અને કૃતિઓના વિવિધ અંશોને, તે તે ઘટકોના તુલનાત્મક અભ્યાસદ્વારા ચર્ચ્યા છે.

આ તુલનાત્મક ચર્ચા શામળની 'નંદબત્રીસી'ના અલગ–સ્વતંત્ર અભ્યાસ પછી જ કરી છે, એની પાછળ એક મહત્ત્વનું પ્રયોજન રહ્યું છે. એમ કરવાથી, શામળની 'નંદબત્રીસી'નો – કેવળ કૃતિનો – સ્વરૂપલક્ષી અભ્યાસ શક્ય બન્યો છે ને એમાંથી શામળના જે વિશેષો ઊપસ્યા તે, છઠ્ઠા પ્રકરણમાંની તુલનાત્મક ચર્ચામાં દૃઢ બનતા ગયા છે.

આ માટે પાંચમા ને છઠ્ઠા પ્રકરણની તપાસપદ્ધતિની ભાત (પૅટર્ન) એકસરખી રાખી છે. જે જે કૃતિ-ઘટકો, જે ક્રમે, શામળની કૃતિની ચર્ચામાં તપાસ્યા છે તે તે ઘટકો, એ જ ક્રમે, અન્ય આઠ કૃતિઓની ચર્ચામાં તપાસ્યા છે ને લગભગ પ્રત્યેક ઘટકમાં 'શામળનો વિશેષ' તારવવાનું કર્યું છે. એ રીતે નિષ્કર્ષોને ચર્ચાની નિકટ રાખ્યા છે.

શામળની 'નંદબત્રીસી'નું એની વિવિધ હસ્તપ્રતો તપાસીને પાઠ–સંશોધન કે પાઠ–સંપાદન કરવું એ, અહીં મેં સ્વીકારેલા અભ્યાસ–ફલકમાં પ્રસ્તુત ન હતું. એ પ્રકારનાં કામ તો અગાઉ થઈ પણ ચૂક્યાં છે. એટલે શામળની 'નંદબત્રીસી'નાં વિવિધ સંપાદનોમાં જે પાઠ મને વિશેષ અધિકૃત લાગ્યો એ – ઈન્દિરા મર્ચંટનો સંપાદિત પાઠ મેં અહીં સ્વીકાર્યો છે ને આ એમની સામગ્રી હોવાથી એને પરિશિષ્ટમાં મૂક્યો છે.

મારા અભ્યાસ માટે, ઈન્દિરા મર્ચંટ-સંપાદિત આ 'નંદબત્રીસી'(શામળ) પણ એક મહત્ત્વની આધારસામગ્રી બની છે.

મધ્યકાલની કૃતિઓનો અભ્યાસ અર્વાચીન વિવેચન-વિભાવનાઓના સંસ્કારોથી કરતી વખતે કાળજી રાખવાની રહે છે. અર્વાચીન સમયના ભાવક તરીકેની સંવેદના તો એમાં પણ કામ કરતી હોય છે પરંતુ સમય દૂરનો હોય ને પરંપરા જુદી હોય ત્યારે એણે આંકેલી કેટલીક દૃઢ રેખાઓને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ ને એ રેખાઓને ઉલ્લંઘી દેતું આરોપિત અર્થઘટન ન થઈ જાય કે એ વાચનમાં કશુંક અપ્રસ્તુત ઉમેરાઈ ન જાય – ઓવર રીડિંગ ન થઈ જાય – એ જોયું છે. ને છતાં મધ્યકાલીન સાહિત્યનું કેવળ રૂઢ, નર્યું માહિતી – વિગતને ઘૂંટનારું, ગતાનુગતિક અધ્યયન ન બની રહે એ પણ જોયું છે.

આવો, અભ્યાસ કરવાનું ગમ્યું છે. નાનકડો પણ આ એક પડકાર હતો. એ ઉપાડવા ને પાર પાડવા જે શ્રમ કર્યો છે એ અભ્યાસીઓને સાર્થક લાગશે તો સંતોષ થશે. ૦